ગુજરાત સરકાર
નાણા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦-૫-૨૦૧૨

જાહેરનામુ

ક્રમાંક : (જીએન-૯) નનમ-૧૦૦૧-૬૯૯-ઝ.

નાણા વિભાગના તારીખ : ૨૬-૭-૨૦૧૦ના જાહેરનામા ક્રમાંક : (જીએન-૨૫) નનમ-૧૦૦૧-૬૯૯-ઝ થી સમાન્ય ભવિષ્યનિધિ ખાતા ધરાવનાર કર્મચારી / અધિકારીઓના ખાતામાં જમા થયેલ સિલક (ફાળા અને ઉપાડ) ઉપર સને : ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ માટે ૮ ટકા વ્યાજનો દર જાહેર કરવામાં આવેલ છે.

હવે ભારત સરકારના નાણા મંત્રાલયના તા. ૩૧-૧૨-૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : એફ નં. ૫ (૧)-બી (પીડી) ૨૦૧૦ અન્વયે સને : ૨૦૧૦-૨૦૧૧ માટે સામાન્ય ભવિષ્ય નિધિ ખાતાની સીલક પર ૮% વ્યાજ આપવાનું ઠરાવેલ છે તથા ભારત સરકારના નાણા મંત્રાલયના તારીખ :૧૯-૩-૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: એફ નં. ૫ (૧)-બી(પીડી) ૨૦૧૧ થી સને : ૨૦૧૧-૧૨ના વર્ષ માટે તારીખ : ૧-૪-૨૦૧૧ થી તારીખ : ૩૦-૧૧-૨૦૧૧ સુધી ૮% લેખે અને તારીખ : ૧-૧૨-૨૦૧૧ થી તારીખ : ૩૧-૩-૨૦૧૨ સુધી ૮.૬% લેખે વ્યાજ લાગુ પાડવાનું ઠરાવાયું છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના કર્મચારીઓને સામાન્ય ભવિષ્ય નિધિની જમા સીલક પરનો વ્યાજનો દર સને : ૨૦૧૦-૨૦૧૧, અને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ માટે નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

તારીખ : ૧-૪-૨૦૧૧ થી તારીખ : ૩૦-૧૧-૨૦૧૧ સુધી ....... ૮.૦% લેખે અને

તારીખ : ૧-૧૨-૨૦૧૧ થી તારીખ : ૩૧-૩-૨૦૧૨ સુધી.... ૮.૬% લેખે

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શેલજા પટેલ)
સંયુક્ત સચિવ (પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

ગુજરાત સરકાર
નાણા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૫-૬-૨૦૧૨

જાહેરનામુ

ક્રમાંક : જીએન૧૩/નનમ/૧૦૦૧/૬૯૯/ઝ

નાણા વિભાગના તા. ૩૦-૦૫-૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક (જીએન-૯) નનમ/૧૦૦૧/૬૯૯/ઝ અન્વયે સામાન્ય ભવિષ્ય નીધિ ઉપર તા. ૦૧-૦૪-૨૦૧૧ થી તા. ૩૦-૧૧-૨૦૧૧ સુધી ૮% અને તા. ૦૧-૧૨-૨૦૧૧ થી તા. ૩૧-૦૩-૨૦૧૨ સુધી ૮.૬% લેખે વ્યાજના દર નક્કી કરવામાં આવેલ છે.

આ અંગે ભારત સરકારના નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા તા. ૨૨-૦૫-૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક એફ.નં. ૫(૧)-બી(પી.ડી.)/૨૦૧૨ અન્વયે સામાન્ય ભવિષ્ય નીધિ અને અન્ય સમાન પ્રકારના ફંડો ઉપર તા. ૦૧-૦૪-૨૦૧૨ની અસરથી ૮.૮% લેખે વ્યાજ દર નક્કી કરવામાં આવેલ હોઈ, તદનુસાર રાજ્ય સરકારના કર્મચારીઓને પણ સામાન્ય ભવિષ્ય નીધિની જમા સીલક ઉપર તા. ૦૧-૦૪-૨૦૧૨ થી ૮.૮% લેખે વ્યાજ દર નક્કી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શેલજા પટેલ)
સંયુક્ત સચિવ (પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ